## ગાંધીનગર મને ગમે છે...



- રાણા વિજયકુમાર

ગુજરાતનું શાન એ મારૂ પાટનગર ગાંધીનગર છે જ્યાં આખા ગુજરાતની મુખ્ય સરકારી કચેરી સચિવાલયમાં ભિન્ન ભિન્ન કચેરીઓ આવેલ છે. કેટલાય આઈ.પી.એસ. અધિકારી, સચિવ, ડાઈરેક્ટર કલાસ વન કલાસ ટુ, ક્લાસ થ્રી ને સેવકોથી હજારો કર્મચારીઓ અહિયાં નોકરી કરી રહ્યા છે તથા રાજકીય અખાડો કે દંગલનું મેદાન વિધાનસભા પણ મુખ્ય સ્થાન છે. આપણાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી તથા તેમનું મંત્રીમંડળ ગાંધીનગરમાં તેવો તેમના કાર્ય કરી રહ્યા છે. સારી એવી યુનિવર્સિટી પી. ડી. પી. યુ., જે. એન. યુ. એલ., ચિલ્ડ્રન યુનિવર્સિટી, સ્વર્ણિમ યુનિવર્સિટી, ગવર્નમેંટ કોલેજ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, સેન્ટ્રલ યુનિવર્સિટી વગેરે આવેલ છે, હુન્નર સે રોજગાર માટે આઈ.ટી.આઈ. તથા ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનજમેન્ટ જેવા કોર્સ કરવા માટે ઉત્તમ છે. મારૂ ગાંધીનગરમાં પ્રદૂષણથી દૂર શુદ્ધ હવા ઉજાસ મળતી રહે છે. મારૂ ગાંધીનગર સેક્ટર તરીકે ઓળખ ધરાવે છે. મહાત્મા મંદિર ગાંધીનગરમાં આકર્ષણ કેન્દ્ર છે, સારા એવું ઈન્દ્રોડા પાર્ક, સરિતા ઉધાન, સેક્ટર ૨૮ નું ગાર્ડન લોકો અહિયાં દૂરથી હરવા ફરવા આવે છે. અહિયાં બધા ધર્મ સમૂહના વ્યકતિયો રાહેવાશી છે પોતાના ધર્મ અનુસાર મંદિર સમાજવાડી ધરાવે છે સાથે પંચદેવ મહાદેવ મંદિર તે પણ આકર્ષતા ધરાવે છે સાથે ચટાકેદાર ખાવાના શોખીન મારા ગાંધીનગરવાશી અનેક રેસ્ટ્રોરેન્ટ હોટેલ્સ, ધાબા આવેલ છે. સંસ્કૃતિ કુંજ ભારત દેશથી અલગ અલગ રાજયના પોતાની સંસ્કૃતિ વારસાને નૃત્ય દ્વારા ભાગ લે છે. મારૂ ગાંધીનગરમાં બનેલું ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક્સ સિટી (ગિફ્ટ સિટી) ભારતનું સૌપ્રથમ સ્માર્ટસિટી છે.

# ભારતના પ્રવાસે નીકળેલ સાયકલ પ્રવાસી ગાંધીનગર ખાતે પહોંચ્યા










### સાયકલ દ્વારા ૧૧ રાજ્યોનો પ્રવાસ કર્યો : પ્રદૂષણ નિયંત્રણ, વર્લ્ડ પીસ, નેશનલ ઈન્ટીગ્રેશન માટે જાગૃતિ લાવવા સાયકલ લઈને સમગ્ર ભારતમાં પ્રવાસ કરશે

ગાંધીનગર, તા. ૨૮

પ્રદૂષણ નિયંત્રણ, વર્લ્ડ પીસ અને નેશનલ ઈન્ટીગ્રેશન માટેની જાગૃતિ લાવવાના હેતુથી ઝારખંડનો યુવાન અધિરાજ બરૂઆ સમગ્ર ભારતમાં સાયકલ લઈને નીકળ્યો છે. જે તાજેતરમાં ગાંધીનગર ખાતે પહોંચ્યો છે. અત્યાર સુધી ૭૦૦૦ થી વધારે કિ.મી.નું અંતર સફળતાપૂર્વક પૂર્ણ કરી ચૂક્યો છે અને ગાંધીનગરમાં આ પ્રવાસીએ રોકાણ કર્યું છે.

દેશમાં વધી રહેલા પ્રદૂષણને અટકાવવા માટે આ પ્રવાસી દ્વારા અત્યાર સુધી ૧૧ રાજ્યોનો પ્રવાસ સાયકલ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો છે અને ૧૮ રાજ્યોનો પ્રવાસ કરવાનો બાકી છે.

વર્ષ-૧૯૮૭માં પોતાના પિતાની પ્રેરણાથી વિવિધ જાગૃતિ અભિયાનો કરવાનું કર્યુલ હતુ. આ અભિયાન ૧ ઓક્ટોબર ૨૦૨૧થી સાયકલ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે જે ૧ માર્ચ ૨૦૨૨ સુધી ૧૧ રાજ્યોનો પ્રવાસ કર્યો છે. દરેક રાજ્યોમાં જઈને આ વિષયો અંગેની જાગૃતિ માટે મેસેજ આપવામાં આવે છે. જેમાં પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા માટેના વિવિધ ઉપાયો, વૃક્ષો વધુ વાવવા માટેની અપીલ સહિત જન જાગૃતિ માટે મેસેજ આપવામાં આવે છે તથા દરેક વ્યક્તિ માટે શિક્ષણ ફરજિયાત કરવું જોઈએ જેથી શિક્ષિત વર્ગ સમાજને યોગ્ય રીતે આગળ વધવામાં મદદરૂપ બની શકશે તેવો સુંદર સંદેશ અધિરાજ બરૂઆ દરેક રાજ્યમાં જઈને આપી રહ્યો છે. જેમાં નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહીને તેનો સપોર્ટ પણ કરી રહ્યા છે.

બી.એસ.સી. ઈન ઈન્ટીરીયર ડિઝાઈનમાં અભ્યાસ કરીને દેશમાં જાગૃતિ અભિયાન માટે સાયકલ લઈને નીકળેલા અધિરાજ બરૂઆને પ્રવાસમાં મુશ્કેલીઓ પણ ઘણી પડી પરંતુ નિશ્ચિત ધ્યેય સુધી પહોંચવા માટે મક્કમ મન સાથે સમગ્ર ભારતનો પ્રવાસ કરવાનો નિર્ણય લીધા પછી પાછીપાની કરી નથી.

જમશેદપુર-ઓરિસ્સા-છત્તીસગઢ-આંધ્રપ્રદેશ-તેલંગાણા-તમીલનાડુ-કેરાલા-કર્નાટક-ગોવા-મહારાષ્ટ્ર સુધી પ્રવાસ કર્યો છે અને સુરતથી ગાંધીનગર તાજેતરમાં પહોંચ્યો છે. છત્તીસગઢમાં રાયપુરમાં જંગલોમાં ૨૫ કિ.મી.નો રસ્તો ઓળંગવો ખૂબ મુશ્કેલ હતો જે આ યુવાને ડર્યા વગર સવારે ૯ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીમાં પૂર્ણ કર્યો હતો. કહેવાય છે કે આ જંગલોમાં ગયેલા માણસને બચવાના ચાન્સ ખૂબ ઓછા હોય છે. કારણ કે જંગલી જાનવરોનું પ્રમાણ વધારે હોવાથી આ જંગલોમાં પ્રવેશવું ખૂબ કઠિન છે. ગાંધીનગરમાં બે દિવસમાં વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી જેમાં ગઈકાલે અક્ષરધામની મુલાકાત પણ લીધી હતી. ગાંધીનગરના નાગરિકો અને ગાંધીનગરની ગ્રીનરીને જોઈને અધિરાજને પોતાના વિસ્તારની યાદ આવી ગઈ હતી.

#### વર્લ્ડ રેકોર્ડ બનાવવાનું સપનું પણ સાકાર કરીશ

લદાખમાં સૌથી ઊંચો રસ્તો સર કરવાનું સપનું છે તે પણ સાયકલ દ્વારા જે અત્યાર સુધી કોઈએ સાયકલ દ્વારા આ રસ્તો સફળતાપૂર્વક સર કર્યો નથી. ઈલેક્ટ્રીક સાયકલ દ્વારા ઘણા માણસો પહોંચ્યા છે પરંતુ સામાન્ય સાયકલ દ્વારા ત્યાં પહોંચવુ કઠિન છે જે ૧૯૩૦૦ ફીટ ઊંચો રસ્તો સામાન્ય સાયકલ લઈને સર કરવાનું અધિરાજનું સપનું છે.

ગાંધીનગરમાં શહેરીજનોને વધુ વૃક્ષો વાવવા જોઈએ અને પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો થાય તેવા પ્રયાસો કરવાની અપીલ કરી હતી. વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ થકી જનજાગૃતિ કેળવવામાં આવે છે પરંતુ સરકાર દ્વારા આ અંગે સારી રીતે પ્રયાસ કરવામાં આવશે તો દેશમાં પ્રદૂષણ ઓછું કરી શકાશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. વિવિધ રાજ્યમાં રોટરી કલબ અને સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરીને જનજાગૃતિ કેળવવામાં આવે છે જેમાં ગાંધીનગરમાં સે. ૭-એ વસાહત મંડળના પ્રમુખ જશવંતભાઈ ગાંધીનો સંપર્ક કરીને સમગ્ર રહેવાની તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ડી.એ.પી ખાતરની સબસિડીમાં રૂપિયા ૮૫૦નો વધારો કરાયો : રાજ્યના ખેડૂતોને લાભ

ગાંધીનગર, તા. ૨૮

કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે ખેડૂતોને સહાયરૂપ થવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર દ્વારા યુરીયા ખાતરના ભાવમાં છેલ્લા કેટલાક વર્ષોથી કોઈ જ વધારો કરવામાં આવેલ નથી. પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં ડી.એ.પી અને એન.પી.કે ખાતરના તેમજ તેના કાચા માલમાં છેલ્લાં કેટલાક સમયમાં ઘણો વધારો થયેલ છે. જેના પરિણામે ખાતરની પડતર કિંમતમાં ખુબ વધારો થવા પામ્યો હતો.

આ ભાવવધારાનો બોજ સીધો ખેડૂતો ઉપર ના આવે તે માટે ભારત સરકાર દ્વારા ડી.એ.પી. ખાતરમાં હાલ મળતી સબસિડી રૂ. ૧૬૫૦ પ્રતિ બેગ હતી, તેમાં વધારો કરી રૂ. ૨૫૦૧ પ્રતિ બેગ કરવામાં આવેલ છે. આમ પ્રતિ બેગ રૂ. ૮૫૦ની માતબર સબસિડીનો વધારો કરવામાં આવ્યો છે. જેનો લાભ રાજયના ખેડૂતોને પણ થશે. આ માટે રાજયના ખેડૂતો વતી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી મનસુખભાઈ માંડવીયાનો આભાર વ્યકત કર્યો છે.

કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે ઉમેર્યુ કે રાજ્યમાં ડીએપી ખાતરનો અંદાજે ૫ લાખ મે.ટન વાર્ષિક વપરાશ થાય છે. જેના કારણે રાજ્યના ખેડૂતોને વધારાની રૂ. ૮૫૦ કરોડની સબસિડીનો ફાયદો થશે.

# ગુડાના ગામોમાં માળખાગત સુવિધા ઉભી કરવા ટુંકમાં કામો શરૂ કરી દેવાશે

### ગુડાના અધિકારીઓ તેમજ ગામોના સરપંચ અને ગ્રામ પંચાયતના સભ્યો તેમજ તલાટીઓ સાથે બેઠક યોજાઇ : બેઠક દરમિયન વિવિધ સમસ્યાઓ અંગે અધિકારીઓને સુચનો પણ કરાયા

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના ગામોમાં પણ શહેરની સમકક્ષ માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે કરાયુ છે. જયારે આ આયોજનને અનુલક્ષી ગુડાએ માસ્ટર પ્લાન પણ તૈયાર કર્યા છે. આ નવતર અભિગમને અનુલક્ષી આજે



ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવતર આયોજન ગુડાના ચેરમેન તેમજ અધિકારીઓની સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો તેમજ તલાટીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન ગામોમાં પીવાનુ શુદ્ધ પાણી તેમજ ગંદા પાણીનો નિકાલ અને ખાળકુવાની ઝંઝટમાંથી મુક્તિ આપવા સહીતના મામલે સુચનો કરાયા હતા.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની હદમાં આવતા અડાલજ , મોટી આદરજ, આલમપુર, નવા ધરમપુર, ચિલોડા, ડભોડા, દશેલા, દોલારાણા વાસણા, લવારપુર, લેકાવાડા. પાલજ, પીંપળજ, ફિરોજપુર, પુન્દ્રાસણ , મોટી શિહોલી, સોનીપુર, તારાપુર, ઉવારસદ , વાવોલ, પાલજ, ચિલોડા, રૂપાલ સરઢવ સહીતના ગામોને અનુલક્ષી આ પ્લાન તૈયાર કરાયો છે. જયારે આ નવતર કાર્યયોજના અન્વયે પીવાનુ શુધ્ધ પાણી દરેક ઘર સુધી પહોંચતુ કરવા ઉપરાંત ગટર અને વરસાદી પાણીના નિકાલની લાઈન, રસ્તા, સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા ઘન કચરાન નિકાલની વ્યવસ્થા , આરોગ્ય સેવા આંગણવાડી, શાળા , પંચાયત હસ્તકની મિલક્તોનુ નવિનીકરણ, ગ્રામ્ય તળાવના બ્યુટીફિકેશનની યોજના નવા બગીચાઓનુ નિર્માણ સહીતની સુવિધાઓ ઉભી કરાશે.

ગુડાના ચેરમેન ધવલ પટેલે જણાંવ્યુ હતુ કે દરેક ગામમાં ઉપલબ્ધ ન હોય તેવી માળખાગત સુવિધાને અનુલક્ષી ખાનગી એજન્સીના મેનપાવરને પ્રત્યેક ગામમાં મોકલી સર્વેની પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે આગામી દિવસામાં અગ્રતના ધોરણે કામ પણ શરૂ કરી દેવાશે. ગુડાના ગામોમાં સમતોલ માળખાકીય સુવિધાઓને યોગ્ય કરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે કામગીરી પણ શરૂ કરી દેવાશે. આ મામલે સંબંધિત શાખાને જણાંવી પણ દેવાયુ છે.

### રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત

# ગાંધીનગર જિલ્લામાં ૪૬૦ થી વધુ બાળકોએ પ્રવેશ લીધો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ૪૬૦ થી વધુ બાળકોએ તેમની મનપસંદ શાળામાં પ્રવેશ મેળવી લીધો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ મેળવવા માટે ૩૭૪૨ અરજીઓ જિલ્લાતંત્રને મળી હતી જેમાંથી ૨૮૧૫ અરજીઓ પ્રવેશ મેળવવા પાત્ર હોવાથી મંજૂર કરવામાં આવી હતી.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રથમ રાઉન્ડમાં ૧૪૦૦ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે જે પૈકી ૪૬૦ થી વધુ બાળકોએ પ્રવેશ મેળવી લીધો છે.

૫ મી મે સુધી પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે આ પછી બીજા રાઉન્ડની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પણ આ એક્ટ અંતર્ગત પ્રવેશ મેળવવા ૧૩૦૦ થી વધુ અરજીઓ મળી હતી જેમાંથી ૯૦૦ જેટલી અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# મોંઘવારીના માર વચ્ચે સોના-ચાંદીના ભાવોમાં ઘટાડો

### આગામી દિવસોમાં હજુ વધુ ભાવ ઉતરવાની આશાએ વૈશાખી સીઝનના લગ્નપ્રંસગોના આયોજકોમાં ઉત્સાહની લહેર

ગાંધીનગર, તા.૨૮

એક તરફ પેટ્રોલ ડીઝલ અને સીએનજી ગેસ જેવા ઈંધણોના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે જેને કારણે સામાન્ય વર્ગ પર મોંઘવારીનો માર પડી રહ્યો છે અને બીજી તરફ દરેક પરિવારને સમાજમાં લગ્ન પ્રસંગો તેમજ અન્ય શુભ પ્રસંગોમાં રીતરિવાજ અનુસાર વ્યવહાર સાચવવા પણ જરૂરી હોય છે. જોકે આજે બજારમાં સોના-ચાંદીના ભાવોમાં ઘટાડો નોંધાતા આગામી લગ્નસરાંની સીઝનના આયોજ કોમાં ખુશી સાથે આશાની લહેર પ્રસરવા પામી છે.

ગુરુવારે ભારતીય બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના જાહેર થયેલા ભાવોમાં ઘટાડો જોવા મળ્યો હતો અને ૯૯૯ શુદ્ધતા ધરાવતા દસ ગ્રામ સોનાનો ભાવ રૂ. ૫૧૨૬૪ થયો છે જ્યારે ૯૯૯ શુદ્ધતા ધરાવતી એક કિલો ચાંદીનો ભાવ રૂ. ૬૩૯૯૧ નોંધાયો હતો અને ૯૯૫ શુદ્ધતાનું સોનું આજે ૫૧૦૫૯ રૂપિયામાં મળી રહ્યું છે. ૯૧૬ શુદ્ધતાના સોનાના ભાવ ઘટીને ૪૬૯૫૮ રૂપિયા પ્રતિ દસ ગ્રામ સુધી નીચે આવ્યો છે. આ ભાવ અનુસાર સ્થાનિક બજારમાં ૯૯૯ સોનાના દસ ગ્રામનો ભાવ જે બે દિવસ પહેલાં ૫૪હજારથી ઉપર હતો તે ઘટીને ૫૨,૭૦૦ સુધી ગગડ્યાં બાદ ૫૩,૨૫૦ની આસપાસ જોવા મળ્યો હતો અને ચાંદીનો કિકોનો ભાવ પણ ૬૭હજારની આસપાસથી ગગડીને ૬૫હજારની આસપાસ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં પણ આ મુજબ સોના ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો જેના પગલે આગામી લગ્નગાળામાં જેમના ઘરે લગ્ન સમારંભ યોજાવાના છે તે પરિવારોમાં લગ્નના બજેટમાં રાહત મળવાની અપેક્ષા પ્રસરતી જોવા મળી રહી છે.

# “સેવાની સાધનાને સરહદના સીમાડાઓ નથી નડતા..”

### ગાંધીનગરની શ્રી ગજાનન સેવા સમિતિ, ગાંધીનગરની સેવાયાત્રા

ગાંધીનગર, તા. ૨૮

રાષ્ટ્ર કલ્યાણના ભાવપૂર્ણ ઉદ્દેશ સાથે અંતરિયાળ વિસ્તારમાં રહેતા વનવાસી બંધુજનો તથા સેવા વસ્તીના લોકો માટે ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ ગુજરાતમાં વર્ષ ૨૦૦૧ થી સામાજિક સેવા કાર્યો કરી રહી છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી સમિતિ દ્વારા ભારતના પૂર્વોત્તર રાજ્ય ત્રિપુરામાં નોર્થ ત્રિપુરાના અંતરિયાળ ગામડાઓમાં દર વર્ષે સેવા કેમ્પ યોજવામાં આવે છે. તાજેતરમાં જ સમિતિ દ્વારા નોર્થ ત્રિપુરાના ગામડાઓમાં તા.૨ એપ્રિલ,૨૦૨૨ થી તા.૧૩ એપ્રિલ,૨૦૨૦ સુધી દસ દિવસનો સેવા કેમ્પ યોજાઇ ગયો. નોર્થ ત્રિપુરાના ધરમનગર જિલ્લામાં પહાડીઓ પર આવેલા આ ગામડાઓ સુધી બાય રોડ જવું હોય તો આખા બાંગ્લાદેશને ફરીને જવું પડે.. જ્યાં જાહેર વાહન વ્યવહારની કોઈ સુવિધા હજુ સુધી શક્ય બની નથી. જ્યાં આરોગ્ય સેવાઓ ન હોવા બરાબર છે. જ્યાંના લોકોએ કદી બેન્ક જોઈ નથી. ગરીબી સાથે ઝઝૂમી રહેલા એ લોકોનું રોજીરોટીનું કે જીવન ધોરણ સુધારનારું કોઈ સાધન ઉપ્લબ્ધ નથી. પોતાની નાનકડી જમીનના ટુકડાઓમાં ઉગેલા અનાજ અને શાકભાજીથી પોતાનો જીવન નિર્વાહ કરે છે. પાણીની વિકટ સમસ્યા હોવાના લીધે આરોગ્ય ધોરણ ઘણું ખરાબ તથા ચામડીના રોગોનું પ્રમાણ ઘણું વધારે છે. ગરીબી અને બેરોજગારીના લીધે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા કરવામાં આવતી ધર્માંતરણની પ્રવૃત્તિઓએ વેગ પકડ્યો છે. આ વિસ્તારની પરિસ્થિતિ વિશે શ્રી ગજાનન સેવા સમિતિના પ્રમુખ અને સેવાના ભેખધારી એવા મિલિન્દભાઈ ગુપ્તેને જાણ થઈ તથા ત્યાંના સ્થાનિક વિશ્વ હિન્દુ પરિષદના ટ્રસ્ટ “સાધક રત્નમણિ ટ્રસ્ટ” નો સહકાર મળ્યો.. ને મિલિન્દભાઈ ગુપ્તે ટીમ સાથે નીકળી પડયા ગુજરાતથી જોજનો દૂર પૂર્વોત્તર ભારતમાં બાંગલાદેશની સરહદે આવેલ નોર્થ ત્રિપુરાના ધરમનગર જિલ્લાના ગામડાઓ સુધી.. ગુજરાતથી ત્રિપુરાના પહાડી વિસ્તારમાં જઈને દસ દિવસનો સેવા કેમ્પ કરવાનો વિચાર પણ કોઈ ટ્રસ્ટને મુશ્કેલીભર્યો લાગે તે કાર્ય મિલિન્દભાઈએ પોતાની સંકલ્પશક્તિ અને સુઝબૂઝના આધારે સાવ સહજતાથી પાર પાડ્યું છે. આ સેવા કેમ્પનો મુખ્ય ઉદ્દેશ હતો ત્રિપુરાના પહાડી વિસ્તારમાં રહેતા લોકોનું હેલ્થ ચેકઅપ કરી તેમને મેડીકલ સારવાર પૂરી પાડવાનો. આથી, અગાઉથી જ ૨૫ થી વધારે પ્રકારની દવાઓના ૩૫ થી વધુ ખોખાંઓ કુરિયર મારફત ત્રિપુરાના સેવા સ્થળે પહોંચાડી દીધા. ત્યારબાદ, ૩ નિષ્ણાંત ડોક્ટર્સ ડૉ. રમણ પટેલ, પૂર્વ ડેપ્યુટી રીજીઓનલ ડીરેક્ટર તથા ગાયનેકોલોજીસ્ટ, આરોગ્ય વિભાગ, ડૉ. વિજય પાઠક,



નિવૃત્ત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, રાજકોટ, ડૉ. અતુલ પંડ્યા, આરોગ્ય અધિકારી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દહેગામ તથા ભીમજીભાઈ ગામેતી, કાર્યકર્તા સાથે અમદાવાદથી અગરતલા સુધી હવાઈજહાજ દ્વારા, અગરતલાથી ધરમનગર સુધી ટ્રેન દ્વારા તથા ધરમનગરથી નોર્થ ત્રિપુરાના આનંદબઝાર ગામ સુધી જીપમાં પ્રવાસ કરી ત્યાં આવેલ “સાધક રત્નમણિ ટ્રસ્ટ” ની હોસ્ટેલમાં રોકાયા. એ ટ્રસ્ટ દ્વારા બે ગાડીની વ્યવસ્થા કરી આપવામાં આવી. દરરોજ ત્યાંથી ૧૦-૧૨ કિમિના અંતરે આવેલા ગામડાઓમાં ચિકિત્સા શિબિરો યોજવામાં આવતી. ક્યારેક કાચા રસ્તાઓ પર પસાર થઈને તો ક્યારેક સેવાસ્થળ સુધી પહોંચવા માટે ટેકરીઓનું ચઢાણ કરીને જવું પડતું. પરંતુ, સેવાકામના દિવ્ય આનંદના સથવારે મિલિન્દ ભાઈએ આ સમગ્ર સેવાયાત્રાને રોમાંચિત અનુભવી. સેવા ટીમે દસ દિવસના આ કેમ્પમાં નોર્થ ત્રિપુરાના ધરમનગર જિલ્લાના કંચનપુર સબ ડીવીઝનના કુલ ૨૫ ગામોમાં ચિકિત્સા શિબિરો તથા અન્ય સેવાકીય કાર્યો કર્યા. ૨૫ ગામમાંથી ૨૦ ગામો પહાડીઓ પર આવેલા હતા. ત્યાંની આદિવાસી જાતિ રીયાંગ, દેબનાત તથા ચકમા જાતિના લોકોએ આ સેવાનો લાભ લીધો હતો. દસ દિવસના કેમ્પ દરમ્યાન સમિતિની ટીમ દરરોજ સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી કામ કરતી હતી. નોર્થ ત્રિપુરાના ધરમનગર જિલ્લાના ઉપરોક્ત ૨૫ ગામોના કુલ ૨૪૨૭ દર્દીઓને તપાસી દવાઓ આપવામાં આવી. દર્દીઓને પેરાસીટામોલ, આલ્બેન્ડાઝોલ (કરમીયા માટે), ઓઆરએસ, મલમની અલગ અલગ ટ્યૂબ્સ, કેલ્શીયમની દવાઓ તથા એન્ટીબાયોટીક્સ જેવી વિવિધ દવાઓ આપવામાં આવી. ૧૪૦ વ્યકિતઓને નજીકનું અને દૂરનું જોવાના ચશ્મા આપવામાં આવ્યા. કેટલીક શાળાઓમાં સીલીંગ પંખા તથા ફૂટબોલ્સ આપવામાં આવ્યા. આનંદબઝાર ગામમાં આવેલ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીઓ આત્મ નિર્ભર બને તે ઉદ્દેશથી સિલાઈ કામ શીખવા માટે ઉષા કંપનીના સિલાઈ મશીન આપવામાં આવ્યા. લોકોની ધર્મ પ્રત્યેની ભાવના ઉજાગર કરવાના ઉદ્દેશથી ૪૦૦૦ થી વધુ ભગવાનના ફોટાઓ અને સ્ટીકર્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાચારમાં નાના મોટા સેવાકાર્યોને બિરદાવતા અનેક એવોર્ડ્સ વિશે સાંભળીએ ત્યારે ૨૨ વર્ષથી પોતાના સેવારથને અવિરત ચલાવી રહેલા મિલિન્દભાઈ ખુદ એક એવોર્ડ સમાન દીસે છે અને એમના સેવારથને ઉર્જાબળ આપનાર એમના ધર્મપત્ની શ્રુતિબેન ગુપ્તે સેવા રથના બે પૈડા સમાન. આ દિવ્ય આત્માઓને અને એમના દિવ્ય કાર્યને સો સો સલામ જ ખપે...